***<u>મે. જ્યુડિશિયલ મેજિસ્ટ્રેટ ફર્સ્ટ ક્લાસ સાહેબની કોર્ટમાં, મુ. તળાજા.</u>***

**<u>ફોજદારી કેસ નં–૪૦૮/૨૦૨૬.</u>**

સરકારશ્રી. ***.....ફરીયાદી.***

**વિરૂદ્ધ**

બંસીભાઈ ઘુસાભાઈ ચુડાસમા.

***.....આરોપી.***

***ગુનો :–<u>જી.પી.એક્ટની કલમ–૧૩૫ અન્વયે.....</u>***

**<u>–: ચુકાદો :–</u>**

(૧) ફરિયાદ પક્ષના કેસની ટુંકમાં હકીકત એવી છે કે, આ કામના આરોપીએ ગેરકાયદેસર અને કોઈ આધાર–પુરાવા વગર પોતાના કબજામાં લોખંડનો પાઈપ રાખી, જિલ્લા મેજિ.શ્રીના હથીયારબંધીના જાહેરનામાનો ભંગ કરી પકડાઈ જતા, આરોપી વિરૂદ્ધ જી.પી.એક્ટની કલમ–૧૩૫ મુજબના શિક્ષાને પાત્ર ગુનાનું આંક–૧ વાળુ ચાર્જશીટ અત્રેની અદાલતમાં રજુ કરેલ.

(૨) આરોપી અદાલત સમક્ષ ઉપસ્થિત થતા, આરોપીને પોલીસ પેપર્સની નકલો આપ્યા બાદ, આરોપીની પ્લી ગુના સબબ નોંધતા, આરોપીએ પોતાની સામેના ગુનાનો સ્વેચ્છીક એકરાર કરેલ અને કબૂલાત પુરસીસ અલગથી આપેલ છે. આરોપીએ ગુના કબુલાત પુરસીશ રજુ રાખી જણાવેલ છે કે, તેઓને ગુનો કબુલ–મંજુર છે અને મૌખિક રજુઆત કરેલ છે કે, તેઓ વિરૂદ્ધના આ ગુના અંગેના આક્ષેપો સંપુર્ણ ખરા નથી. તે ગરીબ વર્ગના, કુટુંબ–કબીલાવાળા માણસ હોઈ, મજુરી કામ કરી, માંડ–માંડ તેઓના કુટુંબનું ભરણપોષણ કરે છે જેથી દયા રાખી, યોગ્ય હુકમ કરવા અરજ કરેલ છે.

(૩) આરોપીને ગુનાની શિક્ષાની સમજ આપવામાં આવેલ તેમ છતાં, ગુનો સ્વેચ્છાપૂર્વક કબુલ મંજુર હોઈ, જે કબુલાત ન માનવાને કારણ નથી. આરોપીની કબુલાત પુરસીશની હકીકતો તથા આરોપીની અન્ય મૌખિક રજુઆતો ધ્યાને લેતા, આરોપીને સદર ગુના બદલ તકસીરવાન ઠરાવવામાં આવે છે. સજા સંદર્ભે આરોપીની કોર્ટ સમક્ષની રજૂઆતને લક્ષમાં લેતા,

આરોપી તેઓનો પ્રથમ ગુનો હોવાનુ જણાવતા હોય, આરોપી કુટુંબનો આધાર સ્તંભ હોય, જો લાંબા સમય સુધીની કેદની સજા કરવામાં આવે તો, કુટુંબના ભરણપોષણનો પ્રશ્ન ઉપસ્થિત થાય તેમ છે. આરોપીના કથિત કૃત્યની સજા આડકતરી રીતે તેના કુટુંબીજનોને થનાર હોય, આરોપીએ ગુના સબબ પારાવાર પસ્તાવો પણ વ્યકત કરેલ હોય, ભવિષ્યમાં આવા પ્રકારનો ગુનો નહીં બને તેમ જણાવતા હોઈ, કેસના સંજોગો, ગુનાનો પ્રકાર અને કરવામાં આવેલ રજૂઆતોને લક્ષમાં લેતા તેમજ ***નામ. ગુજરાતની વડી અદાલતે ૨૦૦૫(૧), જી.એલ.આર., પાના નં.–૭૦૯, સ્ટેટ ઓફ ગુજરાત વિરૂદ્ધ નટવર હરીચન્દજી ઠાકોર***ના કેસમાં પ્રસ્થાપિત કરેલ સિદ્ધાંત ધ્યાને લેતા, જો પૂરતા અને વ્યાજબી કારણો હોય તો, દરેક કેસની હકીકતને ધ્યાનમાં લઈ, નીચેની અદાલતને કાયદામાં કરેલ જોગવાઈ કરતા પણ, ઓછી સજા અને દંડ કરવાની સત્તા છે. સદરહું ચુકાદાથી પ્રસ્થાપિત સિદ્ધાંત આરોપીના કેસની હકીકતોને લાગુ પડે છે. જેથી, આરોપીની સ્થિતિ અને સંજોગોને ધ્યાને લઈ, કાયદાએ સુચવેલ ન્યુનતમ સજા કરતા, ઓછી સજા કરવા માટેના વ્યાજબી અને વિશિષ્ટ કારણો જણાય છે તેથી, ઓછી સજા કરવી જોઈએ તેમ અત્રેની અદાલત નમ્રપણે માને છે. આમ, ઉપરોક્ત ચર્ચા કર્યા મુજબના કારણોસર આરોપીને કાયદામાં ઠરાવેલ શિક્ષા નહીં કરતા, હળવી શિક્ષા કરવાથી ન્યાયનો હેતુ જળવાશે તેમ માની, નીચે મુજબનો આખરી હુકમ કરવામાં આવે છે.

**–: હુકમ :–**

૧. આ કામના આરોપીને ભારતીય નાગરિક સુરક્ષા સંહિતા–૨૦૨૩ની કલમ–૨૭૫ મુજબ જી.પી.એક્ટની કલમ–૧૩૫ મુજબના ગુના સબબ તકસીરવાન ઠરાવી, રૂ.૨૦૦/–(અંકે રૂપિયા બસ્સો પુરા)નો દંડ તથા કોર્ટ ઉઠતા સુધીની સજા અને જો આરોપી દંડ ન ભરે તો, દિન–૫ની સાદી કેદની સજા ભોગવવાનો હુકમ કરવામાં આવે છે.

૨. નોન–વેલ્યુએબલ મુદ્દામાલનો અપીલ સમય પુરો થયા બાદ, નાશ કરવો.

હુકમ આજ તારીખ–૧૪, માહે–માર્ચ સને/૨૦૨૬ના રોજ લોક–અદાલતમાં જાહેર કર્યો.

સ્થળ : તળાજા.

**(કુ. મૃણાલી જિગીશકુમાર કિકાણી)**
જ્યુડિશિયલ મેજિસ્ટ્રેટ ફર્સ્ટ ક્લાસ–તળાજા.
(કોડ નં.–જી.જે.૦૧૫૪૯).

એચ.બી.જોષી.

પાવતી નં.–................
રૂ.૨૦૦/–(અંકે રૂપિયા બસ્સો પુરા) સુપરિન્ટેન્ડેન્ટ,
તા.૧૪/૩/૨૦૨૬. જ્યુડિ.મેજિ.ફ.ક. કોર્ટ–તળાજા.